ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 71 ■ અંક : 24 ■ તારીખ : 20, માર્ચ, 2024 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### સહકારી ક્ષેત્રની વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના પાછળ રૂ. 1.25 લાખ કરોડનું રોકાણ કરાશે

## રાષ્ટ્રના સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવાની દિશામાં દુનિયાના સૌથી મોટા અનાજ ગોદામ પ્રોજેક્ટનું ઉદઘાટન કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ. 1.25 લાખ કરોડથી વધુના રોકાણથી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેક ક્રાંતિકારી અને પરિવર્તનશીલ પ્રોજેક્ટનો શુભારંભ કર્યો હતો. પીએમશ્રી મોદીએ દુનિયાના સૌથી મોટા અનાજ ગોદામના પાયલટ પ્રોજેક્ટના ભાગરૂપે 11 રાજ્યોમાં પ્રાથમિક કૃષિ ઋણ સમિતિઓ (પીએસીએસ)ના અનાજના સંગ્રહ માટેના 11 ગોદામોનું ઉદઘાટન કર્યું હતું. સાથે જ તેમણે ગોદામો અને અન્ય કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાના નિર્માણ માટે દેશભરમાં વધારાની 500 પેક્સનો શિલાન્યાસ કર્યો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારી ક્ષેત્રે અનાજ અને અન્ય કૃષિ માળખાકીય સંબંધિત અનેક પહેલોનો શુભારંભ કર્યો. વડાપ્રધાને વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજનાના પાયલટ પ્રોજેક્ટના ભાગરૂપે 11 રાજ્યોની પ્રાથમિક કૃષિ ઋણ સમિતિઓમાં અનાજના સંગ્રહ માટે 11 ગોદામોનું ઉદઘાટન કર્યું હતું. આ યોજના હેઠળ દેશમાં હજારો ગોદામો અને વેરહાઉસીસના બાંધકામ દ્વારા સહકારી ક્ષેત્રમાં આગામી પાંચ વર્ષમાં 700 લાખ ટનની સ્ટોરેજ ક્ષમતા ઊભી કરાશે.

નવી દિલ્હીના ભારત મંડપમમાં આયોજિત કાર્યક્રમમાં પીએમશ્રી મોદીએ કહ્યું કે, આજે અમે અમારા ખેડૂતો માટે દુનિયાની સૌથી મોટી સ્ટોરેજ સ્કીમ શરૂ કરી છે. તેના હેઠળ દેશના ખૂણે ખૂણામાં હજારો વેરહાઉસ બનાવાશે, હજારો ગોદામ બનાવાશે. આજે 18,000 પેક્સના કમ્પ્યુટરાઈઝેશનનું મોટું કામ પણ પૂરું થયું છે. આ બધા જ કામ દેશમાં કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવો પ્રસાર કરશે અને કૃષિને આધુનિક ટેક્નોલોજી સાથે જોડશે.

આ યોજનાનો આશય પેક્સ ગોદામોને ખાદ્યાન્ન પૂરવઠા શ્રેણીમાં




**દેશમાં ગોદામોના બાંધકામથી સહકારી ક્ષેત્રમાં આગામી પાંચ વર્ષમાં 700 લાખ ટન સ્ટોરેજ ક્ષમતા ઊભી કરાશે : શ્રી નરેન્દ્રભાઈ મોદી**

જોડીને ખાદ્ય સુરક્ષાને મજબૂત કરવાનો છે. દેશમાં સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે ખેડૂતોએ નુકસાન કરીને પણ તેમની ઊપજ વેચવાની ફરજ પડે છે. અગાઉની સરકારોએ આ સમસ્યા પર ક્યારેય પર્યાપ્ત ધ્યાન આપ્યું નહોતું. વિશ્વના સૌથી મોટા અનાજસંગ્રહ કાર્યક્રમ હેઠળ આગામી પાંચ વર્ષમાં 700 લાખ ટન સ્ટોરેજ ક્ષમતા વિકસાવાશે. આ પહેલ પાછળ રૂ. 1.25 લાખ કરોડથી વધુનું રોકાણ કરાશે.

તેમણે ઉમેર્યું કે, આ યોજનાથી ખેડૂતો તેમની ઉપજ તેમની જરૂરિયાત મુજબ સ્ટોરેજમાં સ્ટોર કરી શકશે. તેમણે બેન્કો પાસેથી લોન લેવામાં પણ સરળતા રહેશે અને તેઓ યોગ્ય સમયે તેમના ઉત્પાદન બજારમાં વેચી શકશે. વડાપ્રધાને સહકારી ક્ષેત્રથી ભારતને ખાદ્ય તેલો અને ખાતર સહિત કૃષિ ઉત્પાદનો પર આયાત નિર્ભરતા ઘટાડવામાં મદદ કરવા આગ્રહ કર્યો હતો.

તેમણે સહકારથી સમૃદ્ધિ હેઠળ સહકારી ક્ષેત્રના વિકાસ માટે છેલ્લા 10 વર્ષમાં સરકાર દ્વારા કરાયેલા કામો અને વિશેષરૂપે અલગ સહકારિતા મંત્રાલય બનાવવા અંગે પણ જણાવ્યું હતું. વડાપ્રધાને સહકારી સમિતિઓમાં ચૂંટણી વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા પર પણ ભાર મૂક્યો હતો અને કહ્યું કે, તેનાથી સહકારી આંદોલનમાં લોકોની ભાગીદારી વધશે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી અર્જુન મુંડા, કેન્દ્રિય મંત્રીશ્રી પીયૂષ ગોયેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### "મહિલા સમાવેશને પ્રેરિત કરો' રાજ્ય કક્ષાનો મહિલા સહકારી સેમિનાર – 2024

## સહકારી માધ્યમ એ મહિલાઓ માટે આર્થિક ઉપાર્જન અને સશક્તીકરણનું શ્રેષ્ઠ માધ્યમ છેઃ શ્રી ઘનશ્યામભાઈ અમીન





અમદાવાદઃ ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના ઉપક્રમે રાજ્યની જુદી જુદી સહકારી સંસ્થાઓની સભાસદ બહેનો માટે 8 માર્ચ, 2024 આંતરરાષ્ટ્રિય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં 'મહિલા સમાવેશને પ્રેરિત કરો' સંદર્ભમાં રાજ્ય કક્ષાનો મહિલા સહકારી સેમિનાર તારીખ 04-03-2024ના રોજ ટાગોર હોલ, પાલડી, અમદાવાદમાં રાષ્ટ્રીય સહકારી આગેવાન અને





રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાની સહકારી મંડળીઓમાંથી 1100 જેટલાં પ્રતિનિધિ બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

સેમિનારના અતિથિ વિશેષ સ્થાનેથી અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈને, વિશ્વ મહિલા દિવસના મહત્વને સમજાવી નારી શક્તિને વંદન, નંદન અને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, મહિલાઓ કદમથી કદમ મિલાવી આગળ વધી રહી છે. તમે અપરાજિતા છો, ઉંમરો ઓળંગીને બહાર આવ્યા છો. રૂચિ પ્રમાણે ક્ષેત્ર અપનાવી મજબૂત આત્મબળ અને મનોબળ દ્વારા આગળ વધવું જોઈએ. સહકારી પ્રવૃત્તિ દ્વારા તમે રોજગારી મેળવી બીજાને રોજગારી આપો પણ છો તે પ્રસંશનીય બાબત છે.

આ સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરતાં ગુજરાત રાજ્ય સહકારી સંઘને મહિલા સશક્તીકરણ સેમિનાર યોજવા બદલ અભિનંદન આપી, પૂર્વ મેયર, અમદાવાદ શ્રી બીજલબેન પટેલે વિશ્વ મહિલા સમાનતા દિવસે મહિલા સમાવેશને પ્રેરિત કરોની વાતને યાદ કરી જણાવ્યું હતું કે, મહિલાઓની સાચી ચિંતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે, પંચાયતથી પાર્લામેન્ટ સુધી મહિલાઓની ગણતરી કરવામાં આવી રહી છે. મહિલાઓને ધ્યાનમાં રાખી વિવિધ યોજનાઓ બનાવી છે, તેનો લાભ બહેનોએ લેવો જોઈએ. બહેનોના નામે ઘરના દસ્તાવેજ બની રહ્યાં છે. આજે દેશમાં બધા ક્ષેત્રોમાં મહિલા આગળ છે. સહકારી ક્ષેત્રે મહિલાઓ માટે આત્મનિર્ભરતાની અપાર શક્યતાઓ છે. ગામડામાં રહીને સહકારી પ્રવૃત્તિ દ્વારા સારી રીતે જીવી શકાય છે. ત્યારે બહેનોએ પોતાની આંતરિક શક્તિઓને ઓળખી તે બહાર લાવવાની જરૂર છે.

સેમિનારના પ્રમુખ, કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયાના પૂર્વ ચેરમેન, રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ અને રાષ્ટ્રીય સહકારી આગેવાન શ્રી ઘનશ્યામભાઈ અમીને પ્રમુખ સ્થાનેથી 8 માર્ચ આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી અને સફળ મહિલા સહકારી સંસ્થાઓની માહિતી અને તાજેતરમાં ભારત સરકારે પસાર કરેલ 'નારી વંદન શક્તિ વિધેયક-2023'ની સમજ આપી જણાવ્યું હતું કે, સહકારી માધ્યમ એ મહિલાઓ માટે આર્થિક ઉપાર્જન અને સશક્તીકરણનું શ્રેષ્ઠ માધ્યમ છે અને રોજગારી માટે મોટું ક્ષેત્ર છે, ગામડે ગામડે મહિલાઓ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાઈને માત્ર રોજગારી નથી મેળવતી પણ અન્ય લોકો માટે રોજગારી ઊભી પણ કરી રહી છે તેથી આ પ્રવૃત્તિને સારી રીતે સમજી મંડળીનો વિકાસ કરવો જોઈએ.

સહકારથી સમૃદ્ધિ સૂત્રની સમજ આપતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, ભારતના યશસ્વી માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારના મહત્વને પિછાણ્યું છે. વડાપ્રધાન શ્રી મોદીજીએ 'સૌનો સાથ, સૌનો વિકાસ' સૂત્રમાં 'સહકારે સમૃદ્ધિ'ના સૂત્રનો સમન્વય કર્યો. શ્રી મોદીજીએ 'સહકારે સમૃદ્ધિ' ના સૂત્રને સાકાર કરવા અલાયદા સહકાર મંત્રાલયની રચના કરી છે. આ સહકાર મંત્રાલયનું સુકાન સહકારી ક્ષેત્રનો બહોળો

અનુસંધાન પાના નંબર : 3

### સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે નેશનલ કો-ઓપરેટિવ ડેટાબેઝ પોર્ટલ લોન્ચ કર્યું

## સહકારની સંપૂર્ણ કુંડળી એક ક્લીકમાં જાહેર થશે : શ્રી અમિતભાઈ શાહ

**દેશના પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે 75 વર્ષ પછી સહકારી ક્ષેત્રને મજબૂત કરવા માટે આટલું મોટું કામ કરવામાં આવ્યું છે. આ ડેટાબેઝ હોકાયંત્રની જેમ સહકારિતાના વિકાસ, વિસ્તરણ અને પૂરવઠા માટે માર્ગદર્શન આપશે. તે એવા ક્ષેત્રોને ઓળખીને વિસ્તરણમાં મદદ કરશે જ્યાં સહકારી મંડળીઓ ઓછી કે નબળી છે. શ્રી શાહે કહ્યું કે પીએમ મોદી બોલ્ડ નિર્ણયો લે છે અને તેનો અમલ પણ કરે છે. સહકારી મંડળીઓના વિસ્તરણમાં મદદ પૂરી પાડવામાં આવશે. 2027 પહેલા દરેક પંચાયતમાં PACS હશે.**

નવી દિલ્હીઃ હજારો લોકોની બે વર્ષની સતત મહેનત બાદ સહકારી ક્ષેત્રની પ્રવૃત્તિઓની તમામ માહિતી માટે ડિજિટલ આધારિત ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે. જેના દ્વારા સહકારી ક્ષેત્રની તમામ માહિતી અને પ્રવૃત્તિઓ માત્ર એક ક્લિક પર સરળતાથી ઉપલબ્ધ થશે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે શુક્રવારે રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ પોર્ટલનું ઉદ્ઘાટન કર્યું અને દિલ્હીમાં 'નેશનલ કો-ઓપરેટિવ ડેટાબેઝ-2023: અ રિપોર્ટ' બહાર પાડ્યો.

**ડેટાબેઝ પર કામ ત્રણ તબક્કામાં કરવામાં આવ્યું હતું :** શ્રી અમિતભાઈ

અનુસંધાન પાના નંબર : 2



### આટલું મોટું કામ 75 વર્ષ પછી થયું

આ દરમિયાન પીએમ મોદીના વખાણ કરતા તેમણે કહ્યું કે તેઓ બોલ્ડ નિર્ણયો લે છે અને તેને અંત સુધી લઈ જાય છે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે 75 વર્ષ પછી સહકારી ક્ષેત્રને મજબૂત કરવા માટે આટલું મોટું કામ કરવામાં આવ્યું છે. આ ડેટાબેઝ હોકાયંત્રની જેમ સહકારી સંસ્થાઓના વિકાસ, વિસ્તરણ અને પુરવઠા માટે માર્ગદર્શન આપશે. તે એવા ક્ષેત્રોને ઓળખીને વિસ્તરણમાં મદદ કરશે જ્યાં સહકારી મંડળીઓ ઓછી કે નબળી છે.

### અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ

પોર્ટલ દ્વારા નાની સહકારી સંસ્થાઓ તેમના વિસ્તરણ માટે માર્ગદર્શન મેળવી શકશે. તેને અત્યાંધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે. ગામડાઓને શહેરો સાથે, બજારોને વૈશ્વિક બજારો સાથે અને રાજ્યોને આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી સાથે જોડવાની સંભાવના છે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે સહકારી ચળવળને મજબૂત કરવા માટે વડાપ્રધાને સાહસિક નિર્ણય લીધો અને તેને લાગુ કરવા માટે એક અલગ મંત્રાલય બનાવ્યું. તમામ PACS કોમ્પ્યુટરાઈઝ્ડ છે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે 2027 પહેલા દેશની દરેક પંચાયતમાં PACS હશે. આ પછી, સમસ્યાઓના ઉકેલ માટે ડેટાબેઝનો વિચાર આવ્યો.

## સહકારી ક્ષેત્રના માધ્યમથી અનાજ સંગ્રહની સવલતો વધારાશે

સરકારે સહકારી ક્ષેત્રના માધ્યમથી 70 મિલિયન ટનની અનાજ સંગ્રહની સવલતો ઊભી કરવાનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ પ્રોજેક્ટના કેટલાંક મહત્વના પાસાઓની અત્રે ચર્ચા કરવામાં આવી છે. આ ધોરણે સવલતો ઊભી કરવાથી પાક કે શાકભાજીને ખેતરમાંથી લાવ્યા પછી જે નુકસાન સહન કરવાનું આવે છે તેમાં ઘટાડો કરવાનું શક્ય બનશે.

સહકારી ક્ષેત્રમાં આ પ્રકારનો અનાજ સંગ્રહની સવલતો ઊભી કરવાનો દુનિયાનો આ સૌથી મોટો પ્રોજેક્ટ ગણવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમના માધ્યમથી જે પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ મંડળીઓ (PACS-પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ)ને અનાજની પુરવઠા શ્રૃંખલા સાથે સાંકળી લેવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટમાં નાબાર્ડ, રાજ્યની સહકારી બેંકો અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોનો સહયોગ લેવામાં આવશે. આ સમગ્ર કામગીરી નેશનલ કો-ઓપરેટિવ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (એનસીડીસી)ના નેજા હેઠળ હાથ ધરવામાં આવશે.

ભારતની અનાજનો સંગ્રહ કરવાની કુલ ક્ષમતા 145 મિલિયન ટન છે, જેમાં સરકારનો હિસ્સો 85 મિલિયન ટન બેસે છે, તે પૈકી 64 કોર્પોરેશન



ઓફ ઈન્ડિયા 34.81 મિલિયન ટનની સંગ્રહ ક્ષમતા ધરાવે છે. જ્યારે સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશનની સંગ્રહ ક્ષમતા 10.28 મિલિયન ટન રહેલી છે.

જે નવો 70 મિલિયન ટનની સંગ્રહ ક્ષમતા ઊભી કરવાનો પ્રોજેક્ટ છે તેનાથી સરકારની અનાજની સંગ્રહ ક્ષમતામાં સીધો 2.6 ગણો વધારો થઈ જશે. હાલમાં વાર્ષિક કૃષિ ઉત્પાદન 311 મિલિયન ટન બેસે છે. સમગ્રતયા જોવામાં આવે તો સંગ્રહ ક્ષમતામાં ઘટ 166 મિલિયન ટનની આસપાસ થાય છે.

સરકાર અનાજની સંગ્રહ ક્ષમતામાં વધારો કરવા માટે આગામી પાંચ વર્ષમાં રૂા.1.25 ટ્રિલિયનનું રોકાણ કરવાનું આયોજન ધરાવે છે. જે ખેડૂતો બે હેક્ટર કરતા ઓછી જમીન ધરાવે છે તેમની ટકાવારી દેશના ખેડૂત સમુદાયમાં 86 ટકા ઉપરાંતની છે, આ નાના ખેડૂતોની અનાજની સંગ્રહ કરવાની ક્ષમતા સ્વભાવિક રીતે ઓછી છે. નાણાકીય જરૂરિયાતને કારણે તેમને ખેતરેથી સીધુ જ અનાજનું વેચાણ કરવાની ફરજ પડે છે. નાના ખેડૂતો અનાજને સંઘરી રાખીને પછી ભાવ વધે ત્યારે વેચવાની નાણાકીય તાકાત ધરાવતા નથી.

અનાજના સંગ્રહમાં હાલ ખેડૂતનો

અનુસંધાન પાના નંબર : 3

અમૂલની જેમ ટર્નઓવર વધારવાની દિશામાં પગલું

# ગુજકોમાસોલ તેની પ્રોડક્ટસનાં વેચાણ માટે રાજ્યભરમાં 250 મોલ બનાવશે

મહેસાણા : ખેડૂતોની ખેતપેદાશોને મૂલ્યવર્ધક બનાવી સીધા એક્ષ્પોર્ટની વ્યવસ્થા સાથેનો ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક પાર્ક મહેસાણામાં પાલાવાસણા રોડ પર આરટીઓ પાસે 21 એકર જગ્યામાં રૂ.65 કરોડના ખર્ચે બે વર્ષમાં તૈયાર કરી દેવામાં આવશે.

રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે આ પાર્કનું ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રસંગે ચેરમેનશ્રી સંઘાણીએ કહ્યું કે,ખેડૂતોની ઉપજને વેલ્યુએડેડ બનાવવા માટેનો આ પ્રોજેક્ટ ખેડૂતોની સમૃદ્ધિ સાથે નવી રોજગારી ઊભી કરશે.

આ પાર્ક એક વર્ષમાં પૂરો થઈ જશે. આગામી સમયમાં મહેસાણામાં રૂ.300 કરોડનાં પ્રોજેક્ટ બનાવવાની પણ વિચારણા છે. જ્યારે રાજ્યમાં ખેડૂતોને નાની-મોટી ચીજવસ્તુ, પ્રોડક્ટના વેચાણ માટે માર્કેટ મળી રહે તે માટે ગુજકોમાસોલ 250 મોલ ઊભાં કરનાર છે.



**મહેસાણાના લોજિસ્ટિક પાર્કથી 4 લાખ ખેડૂતોને લાભ થશે**

મહેસાણાના આ ઈન્ટીગ્રેટેડ ઉત્તર લોજિસ્ટિક પાર્કથી ગુજરાતના પાંચ અને અમદાવાદ, ગાંધીનગર સહિત સાત જિલ્લાની 2000 મંડળીઓ અને ચાર લાખ ખેડૂતોને ફાયદો મળશે. ખેડૂતોની ખેતપેદાશોને પ્રોસેસિંગ કરી સીધી એક્ષ્પોર્ટ કરવામાં આવશે.

શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નડિયાદ મુકામે

# સેવા સહકારી મંડળીઓ માટે "ક્ષમતા વિકાસ" કાર્યક્રમ યોજાયો

નડિયાદ : નેશનલ સેન્ટર ફોર કો-ઓપરેટિવ એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ગાઈડ લાઈન અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘ,અમદાવાદની સહકારી શિક્ષણ - તાલીમ યોજના અંતર્ગત શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,નડિયાદના ઉપક્રમે સેવા સહકારી મંડળીઓ(પેક્સ)ના સર્વાંગી વિકાસ - વિસ્તરણ અંગે મંડળીઓના ચેરમેન, ડિરેક્ટર્સ, મંત્રીઓને માટે ક્ષમતા વિકાસ" કાર્યક્રમ તારીખ 04/03/2024 થી તારીખ 22/03/2024 સુધી યોજવામાં આવ્યો હતો. આજના “ક્ષમતા વિકાસ” કાર્યક્રમના ઉદઘાટન સમારોહની શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવી.

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના જનરલ મેનેજર શ્રી અરવિંદભાઈ ઠક્કરે દીપ પ્રગટાવી ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે આપણી સેવા સહકારી મંડળીઓનો વિકાસ કરવામાં આવે તો અર્થતંત્ર વધારે મજબૂત બને. સેવા સહકારી મંડળીઓ જે હેતુ અને ઉદ્દેશો સાથે સ્થાપવામાં આવી હતી. તે મુજબ કામકાજ કરી આત્મનિર્ભર ભારત બનાવવામાં સહભાગી બનવું જોઈએ.

કેન્દ્રના પ્રિન્સિપાલ અને રાજ્ય સહકારી સંઘના આસિ. એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી શીતલકુમાર પી. ભટ્ટે પ્રાસંગિક ઉદબોધન કર્યું. કાર્યક્રમની રૂપરેખા અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કેન્દ્રના અધ્યાપક શ્રી હર્ષદભાઈ શાહે કર્યું હતું.

કાર્યક્રમના અંતમાં આભાર વિધિ કેન્દ્રના અધ્યાપક શ્રી યુ. પી. વાઘેલાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના અધ્યાપિકા શ્રીમતી વૈશાલીબેન રાવલે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા તાલીમ કેન્દ્રના તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.




યુવા નેતાશ્રી મનીષભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં

# અમરેલી જિલ્લા સહકારી સંઘ અને શ્રી સરદાર પટેલ ગ્રૂપ દ્વારા મહિલા દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું

અમરેલી : ગુજરાત રાજ્યની સહકારી સંઘની શિક્ષણ યોજના અંતર્ગત 8 માર્ચ એટલે મહિલા દિવસ મહિલા સશક્ત બને અને મહિલામાં રહેલી શક્તિઓને બહાર લાવવા માટે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લા સહકારી સંઘ અને શ્રી સરદાર પટેલ ગ્રૂપના અધ્યક્ષશ્રી મનીષભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં મહિલા દિવસ નિમિત્તે મહિલા સેમિનાર તેમજ વિવિધ સ્પર્ધાઓ જેવી કે સંગીત ખુરશી, ફુગ્ગાફોડ અને લીંબુ ચમચીનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે નગરપાલિકાના સદસ્ય શ્રી બીનાબેન કાલેના, રેખાબેન માવદીયા, રેખાબેન પરમાર, રમીલાબેન પટોળીયા, કિંજલબેન, જયશ્રીબેન, દકુબેન ઉપસ્થિત રહ્યા જ્યારે આ કાર્યક્રમમાં 200 જેટલી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં લીંબુ ચમચી, સંગીત ખુરશી અને ફુગ્ગા ફૂલાવ જેવી રમતોમાં બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યારે આ રમતગમતમાં ભાગ લેનાર એકથી ત્રણ નંબર આવનાર બહેનોને ગિફ્ટ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને તમામ સહભાગીઓ ને યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણીનાં વરદ હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. અને મહિલા સેમિનાર દરમિયાન યુવાન નેતાશ્રી મનીષભાઈ સંઘાણી દ્વારા બહેનોમાં પોતાનામાં રહેલી શક્તિઓથી અવગત કરાવતા દેશ અને દુનિયામાં ટોપ પર રહેલી મહિલાઓના ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે નારી શક્તિ બધું જ સંભાળી શકે છે દેશની આઝાદીથી લઈ આજ સુધીમાં નારી શક્તિએ મહત્વનું યોગદાન આપ્યું છે ત્યારે આજની આ માતાઓ અને બહેનનો ખભે ખભો મિલાવી નવા ભારત નિર્માણમાં કદમથી કદમ મિલાવી સાથે ચાલવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ શ્રી ભાર્ગવ ત્રિવેદી તથા શ્રી જીતુભાઈ ભડોરીયા, શ્રી રૂપલબેન સીસણાદા સરદાર પટેલ ગ્રૂપના શ્રી સાગર મહેતા, શ્રી ભીખુભાઈ ડાભી, શ્રી શ્વેત મહેતા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.



# દેલોલ મુકામે સહકારી મંત્રી / મેનેજર તાલીમ વર્ગનો ઉદઘાટન કાર્યક્રમ

કાલોલ : ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિક્ષણ અને તાલીમ યોજના અન્વયે પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરા અને ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગોધરાના સંયુક્ત ઉપક્રમે દેલોલ તા.કાલોલ મુકામે 28 દિવસની મુદત માટે સહકારી મંત્રી / મેનેજર તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે. જેનો તારીખ 01/02/2024 ના રોજ ઉદઘાટન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં પંચામૃત ડેરીના દૂધ સંપાદન વિભાગના મેનેજરશ્રી હિતેશભાઈ પટેલ તથા સિનિયર ઓફિસરશ્રી વિરેન્દ્રસિંહ રાઉલજી તથા પી.ડી.સી.બેન્ક ગોધરાના ડિરેક્ટરશ્રી અશોકભાઈ પટેલ તથા જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારૂલબેન ડી.સોલંકી તથા દેલોલ દૂધ મંડળીના ચેરમેનશ્રી વિજયભાઈ પટેલ,તથા પંચામૃત ડેરીના કાલોલ તાલુકા ઈન્ચાર્જ શ્રી એલ.બી.જાદવ તથા સુપરવાઈઝર શ્રી રાજેન્દ્રસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત તમામનુ શ્રી એલ.બી.જાદવે શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં પંચામૃત ડેરીના દૂધ સંપાદન વિભાગના મેનેજરશ્રી હિતેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરી તાલીમાર્થીઓને સંતોષકારક તાલીમ મેળવીને પ્રમાણિક, પારદર્શક અને સભાસદોને વધુ ફાયદો થાય તેવો વહીવટ કરવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારૂલબેન ડી. સોલંકીએ જણાવ્યું હતું કે, તાલીમ લીધા બાદ કાર્યક્ષમતા અને કાર્યકુશળતામાં વધારો થાય છે.

આ કાર્યક્રમમાં પંચામૃત ડેરીના સિનિયર ઓફિસરશ્રી વિરેન્દ્રસિંહ રાઉલજીએ તાલીમનું મહત્વ સમજાવ્યુ હતું. આ કાર્યક્રમમાં કાલોલ, હાલોલ અને ઘોઘંબા તાલુકાની દૂધ મંડળીઓએ ભાગ લીધો હતો. આ વર્ગનું સફળ સંચાલન સંઘના સી.ઈ.આઈ.શ્રી દેવેન્દ્રસિંહ બી. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદઘાટન કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સંઘના સી. ઈ. આઈ. શ્રી દેવેન્દ્રસિંહ બી.સોલંકી એ કર્યું હતું.

કૃષિ ધિરાણ.... પાના નં. 4નું અનુસંધાન

ટ્રાન્સફર કરવામાં આવે છે. સ્કીમ ફેબ્રુઆરી 2019માં લોન્ચ કરવામાં આવી હતી. પરંતુ તેનો અમલ ડિસેમ્બર 2018થી કરવામાં આવ્યો હતો.

દેશના 11 કરોડ લાભાર્થી ખેડૂતોને 2018થી અત્યાર સુધીમાં આ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે ફાળવવામાં આવ્યા છે. કેન્દ્રીય માહિતી-પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે કહ્યું હતું કે મોદી સરકારે છેલ્લાં 10 વર્ષમાં ડાંગર, ઘઉં, કઠોળ, તેલિબિયાની ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે રૂા. 18.39 લાખ કરોડનો ખર્ચ કર્યો છે. અગાઉની સરકારમાં 2004-2014 સુધીમાં તેની પાછળ રૂા. 5.5 લાખ કરોડનો ખર્ચ થયો હતો.

# NDDB સંચાલિત પૂરબી ડેરીના નવા પ્લાન્ટથી દૂધ પ્રોસેસિંગ ક્ષમતા 1.50 લાખ લિટર થશે

આણંદ : એનડીડીબી સંચાલિત પૂરબી ડેરીના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન આસામના મુખ્યમંત્રી ડો.હિમંતા બિસ્વા શર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. પશ્ચિમ આસામ દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમિટેડના ડેરી પ્લાન્ટનું વિસ્તરણ કરતાં નવો પ્લાન્ટ ગુવાહટીના પંજાબરીમાં પૂરબી ડેરી તરીકે પ્રચલિત ડેરી પ્લાન્ટના પરિસરમાં કરવામાં આવ્યું હતું. આ નવો પ્લાન્ટ 1.5 લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરવા સક્ષમ બનશે એમ એનડીડીબીના ચેરમેન ડો.મિનેશ શાહે જણાવ્યું હતું.

આસામના મુખ્યમંત્રી ડો.હિમંતા બિસ્વા શર્માએ પૂરબી આઈસ્ક્રીમની પ્રથમ બેચનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે, “નવા પ્લાન્ટ દ્વારા, દૂધ પ્રોસેસિંગની ક્ષમતા વધી 1.5 લાખ લિટર થઈ જશે, જેનાથી રાજ્યના હજારો ડેરી ખેડૂતોને મદદ કરશે જેમને આ પહેલ દ્વારા બજારની સારી પહોંચ મળશે. આસામ સરકારે એનડીડીબી સાથે મળીને એક સંયુક્ત સાહસ કંપનીની રચના કરી છે અને આજના ઉદ્ઘાટન સાથે કંપનીએ તેની પ્રથમ કોમર્શિયલ પ્રોડક્ટ લોન્ચ કરી છે. આગામી વર્ષથી રાજ્ય સરકારે રાજ્યના સંગઠિત ક્ષેત્રના ડેરી ખેડૂતોને પ્રતિ લિટર દૂધ પર રૂ.5નો વધારાનો લાભ પ્રદાન કરવા નિર્ણય લીધો છે. આ પહેલ વિવિધ ડેરી કો-ઓપરેટિવ દ્વારા આપવામાં આવતા દરો કરતાં વધુ હશે. તદુપરાંત મુખ્યમંત્રીએ 1 માર્ચથી પ્રતિ લિટર દૂધની કિંમતમાં રૂ.1નો વધારો કરવાના WAMULના નિર્ણયની પણ જાહેરાત કરી છે.

એનડીડીબી અને WAMULના ચેરમેન ડો. મિનેશ શાહે જણાવ્યું હતું કે, “અગાઉ અમે રોજિંદા 60 હજાર લિટર દૂધ પ્રોસેસ કરતાં હતા. આ નવા પ્લાન્ટની મદદથી રોજિંદા 10 મિલિયન ટન દહીં, 10000 લિટર લસ્સી, 2 ટન પનીર ઉત્પાદિત કરી શકાશે. આ પ્રોસેસિંગ પ્લાન્ટમાં આઈસ્ક્રીમ પ્લાન્ટ પણ સ્થાપિત કર્યો છે. જે વિવિધ ફ્લેવર્સમાં 2000 લિટર આઈસ્ક્રીમ ઉત્પાદિત કરશે. પૂરબી ડેરીમાં અગાઉ વેલ્યુ એડેડ મિલ્ક પ્રોડક્ટ્સનો વેચાણ હિસ્સો 9થી 12 ટકા હતો. જે હવે વધીને 20થી 25 ટકા થવાની અપેક્ષા છે. 10 લાખ Kcal ઉર્જાનો ઉપયોગ કરવા કેન્દ્રિત સોલાર થર્મલ સિસ્ટમ સાથે પ્રોસેસિંગ પ્લાન્ટની વિસ્તૃત સુવિધા સ્થાપિત કરવામાં આવી છે. આ સિસ્ટમની મદદથી ઉર્જાની બચત થવાની સાથે ઈંધણ ખર્ચમાં રૂ. 4.0 લાખ પ્રતિ માસ સુધી બચત થશે. પૂરબી ડેરીનો આ વિસ્તરણ પ્રોજેક્ટ એનડીડીબી દ્વારા વર્લ્ડ બેંકની સહાયથી આસામ એગ્રી બિઝનેસ એન્ડ રૂરલ ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ હેઠળ આશરે રૂ. 49 કરોડના ખર્ચે સ્થાપિત કરવામાં આવ્યો હતો.”

**આસામના મુખ્યમંત્રીના હસ્તે પૂરબી ડેરીના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરાયું**

સહકારની સંપૂર્ણ.... પાના નં. 1નું અનુસંધાન

શાહે કહ્યું કે ડેટાબેઝ પર કામ ત્રણ તબક્કામાં કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ત્રણ ક્ષેત્રો એટલે કે પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટી, ડેરી અને ફિશરીઝની લગભગ 2.64 લાખ સોસાયટીઓનું મેપિંગ પૂર્ણ કરવામાં આવ્યું હતું. બીજા તબક્કામાં, વિવિધ રાષ્ટ્રીય સંઘો, રાજ્યો, રાજ્ય સહકારી બેંકો, જિલ્લા સહકારી અને શહેરી સહકારી બેંકો, રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો, પ્રાથમિક કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો, સહકારી બેંકો પાસેથી ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો.

કો-ઓપરેટિવ સુગર મિલો, જિલ્લા યુનિયનો અને બહુ-રાજ્ય સહકારી મંડળીઓ છે. ત્રીજા તબક્કામાં તમામ આઠ લાખ પ્રાથમિક સહકારી મંડળીઓનો ડેટા મેપ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પછી ખબર પડી કે દેશમાં 8 લાખથી વધુ રજિસ્ટર્ડ સોસાયટીઓ સાથે 30 કરોડ લોકો જોડાયેલા છે.

**સહકારી ક્ષેત્રમાં કોમ્પ્યુટરાઈઝેશનને લગતી ઘણી નવીનતાઓ કરી :**

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે મોદી સરકારે સહકારી ક્ષેત્રમાં કોમ્પ્યુટરાઈઝેશનને લગતી ઘણી નવીનતાઓ કરી છે. ડેટાબેઝ એ દેશની સહકારી પ્રવૃત્તિઓની કુંડળી છે. ડેટાની અધિકૃતતા અને અપડેટની ખાતરી કરવા માટે વૈજ્ઞાનિક વ્યવસ્થા કરવામાં આવી છે. તે નીતિ નિર્માતાઓ, સંશોધકો અને હિતધારકો માટે અમૂલ્ય સ્ત્રોત તરીકે સેવા આપશે.

શ્રી અમિતભાઈ શાહે ડેટાબેઝને એવા પાયા તરીકે ગણાવ્યા કે જેના પર એક મજબૂત સહકારી ઈમારત બનાવવામાં આવશે જે આગામી 125 વર્ષ સુધી ચાલશે.

# ગુજરાત રાજ્ય સહકારી સંઘ

“સહયોગ” (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૨૫૩૫૨૨૨૦, ફેક્સ (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
Website : www.gscu.in • E-mail : gscu@rediffmail.com

પરિપત્ર નં./22/2023-24 તારીખ : 16/03/2024

સવિનય જણાવવાનું કે, ગુજરાત રાજ્ય સહકારી સંઘનું નવું હિસાબી વર્ષ તા.1 લી એપ્રિલથી શરૂ થાય છે. આથી સંઘની તમામ સભ્ય સંસ્થાઓને જણાવવાનું કે, સંઘના પેટા-કાયદા મુજબ સભાસદ તરીકે ચાલુ રહેવા માટે નીચેની જોગવાઈ મુજબ સભાસદ ફી ભરવાની રહે છે.

| અ.નં. | સંસ્થાનોપ્રકાર | વાર્ષિકસભ્ય ફીની રકમ |
|---|---|---|
| (1) | જિલ્લા સહકારી સંઘો | રૂા. 250/- |
| | (અ) એસોસીએટડ જિલ્લા સહકારી સંઘો | રૂા. 150/- |
| (2) | (અ) આખા જિલ્લાથી ઓછું કાર્યક્ષેત્ર ન હોય તેવી મધ્યસ્થ ધિરાણ સંસ્થાઓ, અને (બ) જિલ્લા સહકારી બેન્કો | રૂા. 500/- |
| (3) | આખા રાજ્ય કરતાં ઓછું કાર્યક્ષેત્ર ન હોય અને જેનું ભરપાઈ થયેલ શેરભંડોળ, રિઝર્વ ફંડ અને બિલ્ડિંગ ફંડ રૂા.પાંચ લાખ કે તેથી વધુ હોય તેવી સંસ્થાઓ. | રૂા.750/- |
| (4) | જિલ્લા કરતાં જેનું કાર્યક્ષેત્ર ઓછું ન હોય અને જેનું ભરપાઈ થયેલ શેરભંડોળ, રિઝર્વ ફંડ અને બિલ્ડિંગ ફંડ રૂા. બે લાખ કે તેથી વધુ હોય તેવી મંડળીઓ અગર એવા સમવાય સંઘો. | રૂા.250/- |
| (5) | જેનું ભરપાઈ થયેલું શેરભંડોળ, રિઝર્વ ફંડ અને બિલ્ડિંગ ફંડ રૂા.એક લાખ કે તેથી વધુ હોય એવી મંડળીઓ અગર એવા સમવાય સંઘો | રૂા.100/- |

સંઘના સભ્યોએ તેમની 2024-25ના વર્ષની સભ્ય ફીની રકમ રાજ્ય સહકારી સંઘને તારીખ 30-04-2024 સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે.

રાજ્ય સહકારી સંઘના પેટા-કાયદા નં.8 અને 9 સભાસદોની જાણ માટે નીચે આપવામાં આવેલ છે. સહકાર બદલ આભાર.

આપનો વિશ્વાસુ
(ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર

**સંઘના પેટાકાયદા નં.8 :**

The annual subscription shall fall due on April 1st and shall be payable within one month of the date. The liability of a member shall not exceed the unpaid amount, if any, of the subscription due from him. Members who have not paid their fees by 30th April shall automatically cease to be the members of the Union.

**સંઘના પેટાકાયદા. 9 :**

No member shall be allowed to exercise the right of voting at or be eligible for election to Board of Management or any sub committee of the Union unless he is on the Register of Members for a period of twelve months from 1st April to 31st March preceding the year of election.

Members whose subscription are not received by 30th April shall not be allowed to exercise the right of voting not shall they be eligible for election to Board of Management or any sub committee of the Union.

# ક્રેડિટ સોસાયટીઓ માટે તાલીમ વર્ગ

વડોદરા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લા સહકારી સંઘ, વડોદરા દ્વારા તારીખ 26/02/2024થી તારીખ 02/03/2024 સુધી વડોદરા અને છોટાઉદેપુરનાં ક્રેડિટ કો-ઓપ. સોસાયટીનાં મેનેજરોના તાલીમ વર્ગમાં મેનેજરોને સહકારી સંસ્થાઓના વર્તમાન પ્રવાહોથી અપડેટ કરવાના ઉદ્દેશથી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી આર. એમ. પટેલ પ્રમુખ-વડોદરા ક્રેડિટ કો. ઓપ. ફેડરેશને સોસાયટીનાં વહીવટી અને આર્થિક પ્રશ્નોની જાણકારી આપી હતી, શ્રી દેવાંગભાઈ ઠક્કર- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે સોસાયટીઓને લાગુ પડતી ઇન્કમટેક્ષને લગતી બાબતોથી માહિતગાર કર્યા હતા. એડવોકેટ શ્રી ભરતભાઈ એન. પટેલે લોનની રીકવરી માટેની કાનૂની વિધી વિશે માહિતી આપી હતી અને શ્રી અમિતભાઈ પટેલ, એક્ઝિક્યુટિવ ઓફિસરે ક્રેડિટ સોસાયટીમાં બાયલોઝ, વ્યવસ્થાતંત્ર અને તેના કાર્યોની જાણકારી આપી હતી. સમગ્ર વર્ગનું સંચાલન સી.ઈ.આઇ. શ્રી શિરીષ પટેલે કર્યુ હતું.

### છથી સાત મહિનાની જહેમત બાદ મિનિ ટ્રેક્ટર બનાવવામાં સફળતા મળી

# લાખણીના પશુપાલકે ટીલરના એન્જિનનો ઉપયોગ કરી જાતે જ મિનિ ટ્રેક્ટર બનાવ્યું

લાખણી : લાખણી તાલુકાના એક પશુપાલકે પોતાની નાની એવી ખેતી અને પશુપાલન વ્યવસાયની જરૂરિયાતને ધ્યાનમાં લઈને મિનિ ટ્રેક્ટર બજારમાં મળતા કંપનીના ટ્રેક્ટર કરતાં ઓછા બજેટમાં અને વધુ એવરેજ વાળું મિનિ ટ્રેક્ટર બનાવી સમગ્ર પંથકનું ધ્યાન દોર્યું છે. જે પશુપાલકની કોઠાસૂઝ જોઈ સમગ્ર પંથકના લોકોએ બિરદાવ્યો હતો. લાખાણી તાલુકાના નાનકડા એવા કેશરસિંગ ગોળીયા ગામે રહેતા હંસરાજભાઈ સુથાર બાળપણથી જ નવું નવું શીખવામાં રસ ધરાવે છે.

તેમણે ફક્ત 10 ધોરણ સુધીનો અભ્યાસ કરેલો છે તેમજ પોતાના પાસે સીમિત ખેતી હોવાથી તેઓ પશુપાલન તેમજ સાથે સાથે ટ્રેક્ટરના કલર કામ તેમજ બોડી રીપેરિંગ કામના વ્યવસાય સાથે જોડાયેલા છે. એક દિવસ ભંગારમાં પડેલું એક એન્જિન હંસરાજભાઈના ધ્યાને આવતાં તેઓને મિનિ ટ્રેક્ટર બનાવવાનો વિચાર આવ્યો. ત્યારબાદ તેઓએ અલગ અલગ જગ્યાએ ભંગારના વાડામાંથી તેમજ જરૂરિયાત પ્રમાણે નવા સ્પેરપાર્ટસની ખરીદી કરી મિનિ ટ્રેક્ટર બનાવવાનું શરૂ કર્યું હતું અને છથી સાત મહિનાની જહેમત બાદ રૂ. 1.30 લાખના ખર્ચે ટ્રેક્ટર તૈયાર કર્યું હતું. આ સમય દરમિયાન રામ મંદિરની પ્રતિષ્ઠા હોવાથી તેઓએ બનાવેલા આ મિનિ ટ્રેક્ટરનું રામલલ્લા નામ આપ્યું છે. જે મિનિ ટ્રેક્ટરનો તેઓ ખેતીમાં ખેડવા, ડેરી સુધી દૂધ ભરાવવા માટે તેમજ ખેતીમાં નીંદણ માટે કરે છે. સામાન્ય રીતે આવા મિનિ ટેક્ટર બજારમાં અઢીથી પાંચ લાખ સુધી મળી રહે છે પરંતુ એટલી ઊંચી કિંમત નાના ખેડૂતોને પોષાતી હોતી નથી. તેથી હંસરાજભાઈએ બનાવેલા મિનિ ટ્રેક્ટર એવરેજ પણ વધુ આપતું હોવાથી તેમજ ફક્ત 1.30 લાખમાં તૈયાર થતાં પંથકના લોકોએ પશુપાલકની કોઠાસૂઝને બિરદાવી હતી.

ભંગારમાં પડી રહેલા એન્જિનનો ઉપયોગ કર્યો : ખેડૂતે દાડમના ખેતરમાં હાથ વડે ચલાવી નીંદણ કાઢવા માટે ઉપયોગમાં લેવામાં આવતા ટીલરનું મશીન ભંગારના વાડામાં પડ્યું હતું તેનો ઉપયોગ કરી પશુપાલકે ફક્ત રૂ.1.30 લાખમાં મિનિ ટ્રેક્ટર તૈયાર કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં.

Statement about ownership and other particulars about newspaper SAHAKAR, FORTHNIGHTLY to be published in the first issue of every year last day of February.

FROM : IV
(See Rule : 8)

| | | |
|---|---|---|
| 1. | Place of Publication | Gujarat State Co-op. Union, Sahyog, Behind Jyoti Sangh, Relief Road, Ahmedabad. |
| 2. | Periodicity of its publication : | 5th & 20th of Every Month. |
| 3. | Printer's Name | Dr. Rajendra C. Trivedi |
| | Whether Citizen of India ? (If foreigner, State the country of origin) | Indian Citizenship |
| | Address : | Gujarat State Co-op. Union, Sahyog, Behind Jyoti Sangh, Relief Road, Ahmedabad. |
| 4. | Publisher's Name | Dr. Rajendra C. Trivedi |
| | Whether Citizen of India ? (If foreigner, State the country of origin) | Indian Citizenship |
| 5. | Editor's Name | Dr. Rajendra C. Trivedi |
| 6. | Sub-Editor | - |
| | Whether Citizen of India ? (If foreigner, State the country of origin) | |
| | Address : | Gujarat State Co-op. Union, Sahyog, Behind Jyoti Sangh, Relief Road, Ahmedabad. |
| 7. | Name and Address of Individuals who own the Newspaper and partners or Shareholders holding more than one persent of the total capital | Gujarat State Co-op. Union, Sahyog, Behind Jyoti Sangh, Relief Road, Ahmedabad. |

I, Dr. Rajendra C. Trivedi, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Signature of publisher
Dr. Rajendra C. Trivedi
Executive Officer,
G. S. C. U.

Date : 1st March 2024.
Ahmedabad.

સહકારી ક્ષેત્રના.... પાના નં. 1નું અનુસંધાન

માલ સંઘરાતો હોય તેની ટકાવારી કુલ સંગ્રહમાં બે ટકાથી પણ ઓછી છે. સરકાર આ જે કાર્યક્રમ હાથ ધરી રહી છે. તેનાથી ખેડૂતો તેમની ખેત પેદાશ, પીએસીએસએ ઊભી કરેલી સંગ્રહની સવલતોમાં સંગ્રહ કરી શકશે.

જેની સામે તેમને ધિરાણની સવલત ઉપલબ્ધ થશે. પરિણામે ભાવ ઓછા હોય તો પણ ખેત પેદાશોનું વેચાણ કરવાની તેમને ફરજ પડતી હતી તે ફરજ હવે નહીં પડે. બીજા વિકલ્પમાં તેઓ લઘુત્તમ ટેકાના ભાવે તેમનું અનાજ પીએસીએસને વેચાણ કરીને અગાઉ નોંધ લીધી તેમ નાણાંની જરૂરિયાતને લીધે તેમના ખુલ્લાં બજારમાં એમએસપીથી નીચી કિંમતે વેચવાની ફરજ નહીં પડે. આ ધોરણે સંગ્રહની સવલત ઊભી કરવાથી પાક ખેતરમાંથી ખેડૂત પાસે આવે ત્યાર પછી જે નુકસાન થતું હોય છે તેમાં પણ ઘટાડો શક્ય બનશે. હાલમાં પોસ્ટ હાર્વેસ્ટ લોસની ટકાવારી 6 ટકા જેટલી છે. ખેડૂતોને સંગ્રહ કરાયેલા અનાજ સામે ધિરાણની સવલત પણ ઉપલબ્ધ થશે.

ડેરી ઉદ્યોગે.... પાના નં. 4નું અનુસંધાન

રોજગારી મળે છે. આગામી સમયમાં ડેરી ક્ષેત્રે રોજગારીની વિશાળ તકો ઊભી થશે. છેલ્લા 50 વર્ષમાં ભારતમાં દૂધનું ઉત્પાદન લગભગ 10 ગણું વધ્યું છે. આ સાથે ડેરી ઉદ્યોગ પણ ઝડપથી વિકસી રહ્યો છે. પરંતુ ડેરી ઉદ્યોગે ગ્રાહકોની સાથે પશુપાલકોની પણ કાળજી લેવી પડશે, તો જ આ ક્ષેત્ર વધુ પ્રગતિ કરી શકશે.

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના ચેરમેનશ્રી મીનેશ શાહે નાના દૂધ ઉત્પાદક ખેડૂતોને મજબૂત કરવાની અને ગ્રાહકો પાસેથી દૂધ ઉત્પાદકોને આવકનો મોટો હિસ્સો આપવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. તેમણે દૂધ પુરવઠા શૃંખલામાં કાર્યક્ષમતા વધારવા માટે લેવામાં આવતી વિવિધ પહેલો વિશે પણ માહિતી આપી હતી. ડૉ. ધીર સિંઘ, ડાયરેક્ટર અને વાઇસ ચાન્સેલર, નેશનલ ડેરી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, કરનાલ, સંસ્થાના 100 વર્ષ દરમિયાન એનડીઆરઆઈના યોગદાન અને સંસ્થામાં વિકસિત યોગ્ય તકનીકીઓ વિશે વાત કરી હતી.

ભારતીય ડેરીમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ દેશભરમાંથી પસંદ કરાયેલા ડેરીમેનને પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

### યાર્ડમાં વાહનની એન્ટ્રીથી લઈ હરાજીની માહિતી હાથવગી

# ગુજરાતનું ટોચનું ગોંડલ માર્કેટ યાર્ડ હવે દેશનું પ્રથમ ડિજિટલ યાર્ડ બન્યું

ગોંડલ : સૌરાષ્ટ્ર જ નહીં, ગુજરાતનું અગ્રીમ ગણાતું ગોંડલનું માર્કેટ યાર્ડ હવે દેશનું પ્રથમ ડિજિટલ યાર્ડ બન્યું છે. ડિજિટલ એપનું લોન્ચિંગ યુવા અગ્રણી દ્વારા કરવામાં આવ્યું હતું. હવેથી અહીં આવતા ખેડૂતોને યાર્ડમાં વાહનની એન્ટ્રીથી માંડીને હરાજી સહિતની તમામ ડિજિટલ માહિતી મોબાઈલ ફોન થકી જ મળી રહેશે. ખેડૂતલક્ષી અનેક સુવિધાઓને લઈને અગ્રીમ ગણાતા માર્કેટ યાર્ડમાં આધુનિક શેડ,રોડ-રસ્તા,અદ્યતન ભોજનાલય,ગેસ્ટહાઉસ, કોર્પોરેટ ઓફિસ સંકુલ સહિત ખેડૂતોને મળતી સુવિધાઓમાં હવે માર્કેટ યાર્ડ પેપરલેસ બન્યું છે. યાર્ડનાં ચેરમેન અલ્પેશ ઢોલરિયાએ જણાવ્યું કે ખેડૂત પોતાની જણસી લઈ માર્કેટ યાર્ડનાં ગેટમાં પ્રવેશે ત્યાંથી લઈ ક્યાં શેડમાં તેનો માલ ઉતારાયો છે અને હરાજીમાં કેટલા વજન સાથે કેવો ભાવ મળ્યો છે. તે તમામ માહિતી મોબાઈલમાં મેસેજ દ્વારા મળી જશે.

કાગળની પાવતીઓની પ્રથા બંધ થતા મહિને વીસથી ૫ લાખની કિંમતનાં પેપરના ખર્ચનો બચાવ થશે. યાર્ડની તમામ વ્યવસ્થા વ્યવહાર હવે ડિજિટલ બન્યા છે.




### આણંદ મુકામે જિલ્લા કક્ષાનો

# કો-ઓપરેટિવ ક્રેડિટ - એમ્પ્લોઈઝ સોસાયટીઝ તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ : આણંદઃ ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના મુજબ આણંદ લાયન્સ હોલ ખાતે આણંદ જિલ્લાની કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી - કર્મચારીઓ માટેનો ટ્રેનીંગ પ્રોગ્રામ આણંદ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી રજનીકાંત (રાજુભાઈ) પટેલના પ્રમુખ સ્થાને થી યોજાઈ ગયો.

આ કાર્યક્રમને દીપ પ્રાગટ્યથી ખુલ્લો મુકતાં સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી કાર્તિકભાઈ પટેલે જણાવ્યું કે વૈશ્વિક સ્તરે ક્રેડિટ સોસાયટીઓ સામેની હરીફાઈમાં ટકવા અને મજબુત થવા માટે કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓએ અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ અને તેની સેવાઓ પૂરી પાડવા આપણે સૌએ સજાગ રહેવું પડશે અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી તાલીમાર્થીઓને ક્રેડિટ સોસાયટીના વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં (સી.એ) શ્રી કમલેશભાઈ આર. પરીખે જણાવ્યું કે જીએસટી અને ટેક્સમાં સહકારી સંસ્થાઓ ખાસ કરીને ક્રેડિટ સોસાયટીઓને લગતા કાયદા વિશે માર્ગદર્શન આપ્યું અને જણાવ્યું કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ જીએસટી તેનું પ્રોવિઝન, સમય મર્યાદા અને સમય મર્યાદામાં ન ભરાય તો દંડ અને સજાની જોગવાઈઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ટ્રેનીંગ પ્રોગ્રામના બીજા સેસનમાં ગુજરાત સરકારના નિવૃત સંયુક્ત રજિસ્ટ્રાર શ્રી જે. જે. શાહે જણાવ્યું કે, સહકારી મંડળીઓમાં કાયદો અને નિયમો ખુબ જ મહત્વ ધરાવે છે. ગુજરાતની સહકારી પ્રવૃત્તિએ દેશના આર્થિક તથા સામાજિક વિકાસમાં મહત્વનું યોગદાન કરે છે. ધિરાણ માળખાનો ઉત્તરોત્તર વિકાસ થતા સહકારી ક્રેડિટ સોસાયટીઝ નાગરિક સહકારી બેન્કો, નાના વેપારીઓ, ધંધાર્થીઓ તેમના વિકાસમાં મદદરૂપ થઈ બેન્કો અને ક્રેડિટ સોસાયટીઝ સૌ પ્રથમ કરજ આપતાં પહેલા ધિરાણ પૂર્વના અને ધિરાણ બાદના આરબીઆઈ દ્વારા નિયત કરાયેલા ધોરણે પરિપૂર્ણ કરવાં જોઈએ.

આ પ્રોગ્રામમાં NICMના (નિવૃત પ્રોફેસર) શ્રી ડી. એમ. બાવરવાએ જણાવ્યુ કે સહકાર મંત્રાલયની રચના સાથે સરકાર ડિજિટલાઈઝેશન પર સતત ભાર મૂકી રહી છે સહકારી સંસ્થાઓ માત્ર બિઝનેસ કરતી સંસ્થાઓ નથી પરંતુ સામાજિક અને આર્થિક સાહસો પણ છે. સહકારી સંસ્થાઓના મેનેજમેન્ટ ઉપર પણ ખૂબ જ ભારપૂર્વક માહિતી આપી હતી.




સમગ્ર કાર્યક્રમમાં સંચાલન સંઘના સી.ઈ.આઈ. શ્રી હિતેશ રાઠોડે કર્યું હતું. આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં જિલ્લાની કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી - એમ્પ્લોઈઝઓએ 112 જેટલો મેનેજર અને કર્મચારીઓ, એકાઉન્ટન્ટ, હાજર રહી સફળતા પૂર્વક માર્ગદર્શન મેળવ્યું હતું.

સહકારી માધ્યમ.... પાના નં. 1નું અનુસંધાન

અનુભવ ધરાવતાં ગૃહ રાજ્ય મંત્રીશ્રી અમિતભાઈ શાહને સોપ્યું છે. સહકાર મંત્રાલય 'સહકાર સે સમૃદ્ધિ' ના પ્રયાસો પ્રારંભી દીધા છે. સહકાર આધારિત આર્થિક વિકાસના મોડલને પ્રોત્સાહન આપવા અને સહકારી પ્રવૃત્તિને સબળ કરવા તથા પાયાના સ્તર સુધી સહકારના વિચાર અને લાભોને પહોંચાડવા માટે નવી રાષ્ટ્રિય સહકાર નીતિની રચના હાથ ધરી છે. તેના માટે અલગ વહીવટી અને કાનૂની નીતિગત માળખું પૂરૂં પાડવામાં આવ્યું છે.

સહકાર મંત્રાલયે સહકારી ક્ષેત્રમાં મહિલાઓની સ્થિતિ સુધારવા, સશક્તીકરણ અને આવક નિર્માણ માટે વિવિધ પ્રયાસો હાથ ધર્યા છે. જેમાં, મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ-2002માં સુધારો કરી, બહુરાજ્ય સહકારી મંડળીઓના બોર્ડમાં મહિલા ડિરેક્ટરોની બેઠક ફરજિયાત કરવામાં આવી છે. જેના પરિણામે દેશભરની 1550થી વધુ મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઓના બોર્ડમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત થયું છે. પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ મંડળીઓ (PACS)ના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં મહિલા પ્રતિનિધિત્વ ફરજિયાત કર્યું છે. પરિણામે એક લાખથી વધુ PACSમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત થયું છે. સહકાર મંત્રાલય હેઠળ નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)ની 'નંદિની સહકાર યોજના' ધ્વારા મહિલા સહકારી સંસ્થાઓના પ્રોજેક્ટની રચના અને ક્ષમતા વિકાસ માટે નાણાકીય સહાય મળી રહી છે. પરિણામે મહિલા સહકારી સંસ્થાઓને રૂા.5, 714.88 કરોડનો ફાયદો થયો છે અને 1.56 કરોડથી વધુ મહિલા સભાસદોને આર્થિક લાભ પ્રાપ્ત થયો છે.

રાજ્ય કક્ષાના મહિલા સહકારી સેમિનારની પુસ્તિકા 'નારી ઉત્કર્ષ'નું વિમોચન કરી લક્ષ્મીબાઈ મહિલા સહકારી બેન્ક, ગ્વાલિયર અને નાફકબના ડિરેક્ટર શ્રી અલ્કા શ્રીવાસ્તવે સહકારી પ્રવૃત્તિમાં કડીથી કડી કેવી રીતે જોડાય છે અને બહેનોને પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રયાસને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, આજે અહીં બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી છે કે આટલો મોટો હોલ પણ ભરાઈ ગયો છે અને બહેનો પગથિયામાં બેસીને પણ માહિતી માર્ગદર્શન મેળવવા ઉપસ્થિત રહી છે. મહિલા બીચારી નથી. મહિલા સશક્તીકરણ એટલે માનવીય અધિકાર. દુનિયા આજે ખૂબ ઝડપથી આગળ વધી રહી છે, ત્યારે સમાજનું અડધું અંગ ગણાતી મહિલાઓ આગળ આવશે અને આત્મ વિશ્વાસથી કામ કરશે તો વિકાસ ઝડપી બનશે. મહિલાઓ આગળ આવે અને રોલ મોડેલ બનશે તો આવનારી પેઢી તમને જોઈને શીખશે.

સેમિનારના મુખ્ય મહેમાન એનસીયુઆઈના ડિરેક્ટરશ્રી સોમા રોયએ મહિલા સશક્તીકરણ અને મહિલા અધિકારો પર ભાર મૂકી સેવાકીય પ્રવૃત્તિમાં બહેનોને જોડવાના ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રયાસને અભિનંદન આપી જણાવ્યું હતું કે, મહિલાઓએ વિકાસની હરણ ફાળ ભરી છે અને સાચા અર્થમાં સશક્તીકરણ થયું છે. ટેક્નોલોજી અપનાવી આર્થિક સમૃદ્ધિ મેળવી રહી છે. ત્યારે બહેનોએ પોતે ઉત્પાદિત કરેલી વસ્તુઓ માટે માર્કેટિંગ કરવું જોઈએ અને સરકારની નિકાસની યોજનાઓનો લાભ લેવો જોઈએ.

સેમિનારમાં તજજ્ઞ તરીકે નાયબ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગર, શ્રી દષ્ટિબેન ઓઝાએ સહકારી સંસ્થાઓની રચના અને ભૂમિકા વિશે માહિતી આપી જણાવ્યું હતું કે, મહિલા સશક્તીકરણ માટે આટલી મોટી સંખ્યામાં બહેનોને બોલાવી તે માટે રાજ્ય સંઘના ચેરમેનશ્રીએ કરેલા પ્રયાસને હું બિરદાવું છે અને રાજ્ય સહકારી સંઘને અભિનંદન પાઠવું છું. એનસીડીસી, ગાંધીનગરના ડિરેક્ટર, શ્રી સંજયકુમારે સહકારી ક્ષેત્રે મહિલાઓનું આર્થિક ઉપાર્જન, અટિરાના ટ્રેનિંગ હેડ શ્રી અનિતા કપૂરે મહિલા સશક્તીકરણ વિષય અને મહિલાઓમાં સોશિયલ મીડિયા અવેરનેસ વિશે વજ્ર ઓફોર્સ એમ્પાવરમેન્ટના ટ્રસ્ટી અને મોટીવેશનલ સ્પીકર શ્રી રૂઝાન ખંભાતાએ માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. રાજ્ય સહકારી સંઘના મહિલા સહકારી સમિતિના ચેરપર્સન શ્રીમતી ભાવનાબેન જાડેજાએ ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો અને રાજ્યભરમાંથી ઉપસ્થિત મહિલા પ્રતિનિધિઓનો રાજ્ય સહકારી સંઘના ઉપાધ્યક્ષ શ્રી કેતનભાઈ ટી. પરીખે આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજ્ય સહકારી સંઘના અધિકારી શ્રી એ.કે.રાવલે કર્યું હતું. રાજ્યની વિવિધ સહકારી મંડળીઓમાંથી બહોળી સંખ્યામાં પ્રતિનિધિ બહેનો ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા રાજ્ય સહકારી સંઘના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

### દેશમાં એક કરોડ ઘરોમાં 300 યુનિટ વીજળી મફત મળશે

# ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા લાવવા પીએમ સૂર્ય ઘર યોજનાને કેન્દ્રિય કેબિનેટની મંજૂરી

નવી દિલ્હી : 22 જાન્યુઆરી, 2024ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પીએમ સૂર્યોદય યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાનું નામ પાછળથી બદલીને પીએમ સૂર્ય ઘર યોજના રાખવામાં આવ્યું. આ યોજના હેઠળ 1 કરોડ ઘરોને 300 યુનિટ મફત વીજળી મળશે.

કેન્દ્રીય કેબિનેટે આ યોજનાને મંજૂરી આપી દીધી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વકાંક્ષી પીએમ સૂર્ય ઘર યોજનાને કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. પીએમશ્રી મોદીએ 22 જાન્યુઆરી 2024ના રોજ આ યોજનાની જાહેરાત કરી હતી.

આ યોજનામાં સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડીનો લાભ આપે છે. સિવાય આ યોજના હેઠળ 1 કરોડ ઘરોને 300 યુનિટ મફત વીજળી મળી શકશે. આ યોજનાનું પહેલા નામ પીએમ સૂર્યોદય યોજના હતું. આ યોજનામાં સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડી આપે છે. કેન્દ્રીય મંત્રીશ્રી અનુરાગ ઠાકુરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ એક કરોડ ઘરોને 300 યુનિટ મફત વીજળી મળશે.

પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ સરકાર 1 કરોડથી વધુ ઘરોમાં રૂફટોપ સોલાર પેનલ લગાવશે. ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવવા માટે સરકારે આ યોજના શરૂ કરી છે. આ યોજનામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સામેલ કરવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડીનો લાભ આપે છે. આવી સ્થિતિમાં લોકો પર સોલાર પેનલ લગાવવાના ખર્ચનો બોજ નહીં પડે. સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડી સીધી લાભાર્થીઓના ખાતામાં આવશે.





**યોજના હેઠળ સરકાર 1 કરોડથી વધુ ઘરોમાં રૂફટોપ સોલાર પેનલ લગાવાશે**

**યોજનાની પાત્રતા શું છે :** આ યોજનાનો લાભ ફક્ત ભારતીય રહેવાસીઓને જ મળશે. અરજદારની વાર્ષિક આવક રૂ. 1 લાખ અથવા 1.5 લાખથી વધુ ન હોવી જોઈએ. અરજદાર પાસે તમામ દસ્તાવેજો હોવા આવશ્યક છે. સરકારી સેવા સાથે જોડાયેલા લોકોને આ યોજનાનો લાભ નહીં મળે.

### મોદી સરકાર સહકારી ચળવળને જન આંદોલનમાં બદલવાનો પ્રયાસ કરી રહી છે

# સહકારી સંસ્થાઓમાં સહકારની ભાવના સહકારી ચળવળને મજબૂત બનાવશે : શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે નવી દિલ્હીમાં શહેરી સહકારી બેંકોની છત્ર સંસ્થા નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહે સહકારી સંસ્થાઓમાં સહકારની ભાવનાને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો.

શ્રી અમિતભાઈ શાહે પોતાના સંબોધનમાં કહ્યું કે જ્યાં સુધી સહકારી સંસ્થાઓને સહકારી અને પરસ્પર રીતે આગળ વધવાની તાકાત આપવામાં નહીં આવે ત્યાં સુધી આપણે આગળ વધી શકતા નથી. તેમણે કહ્યું કે લગભગ 20 વર્ષના સંઘર્ષ બાદ આજે રાષ્ટ્રીય શહેરી સહકારી નાણા અને વિકાસ નિગમની સ્થાપના થઈ રહી છે અને આ આપણા બધા માટે ખૂબ જ શુભ દિવસ છે.

કેન્દ્રીય સહકારી મંત્રીએ કહ્યું કે અગાઉ સહકારી મંત્રાલય અને સહકારી ક્ષેત્ર ઘણા મંત્રાલયોમાં વિખરાયેલા હતા. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીના 75 વર્ષ બાદ એક અલગ સહકાર મંત્રાલય બનાવીને સહકારને નવું જીવન આપ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે સહકારી મંત્રાલયના રૂપમાં સહકારી ચળવળને એક છત્ર મળ્યું છે. શ્રી શાહે કહ્યું કે 125 વર્ષ સુધી સહકારી ક્ષેત્રે સંઘર્ષ કરીને પોતાનું અસ્તિત્વ બચાવ્યું, પરંતુ હવે સરકારી તંત્રની મદદથી તે ઝડપી ગતિએ ચાલશે અને દેશની અર્થવ્યવસ્થામાં પોતાનું સન્માન મેળવશે. તેમજ સહકારી ચળવળને જનઆંદોલનમાં રૂપાંતરિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારત જેવા વિશાળ દેશમાં વિકાસનું માપદંડ માત્ર આંકડાઓનું ન હોઈ શકે, પરંતુ દેશના વિકાસમાં લોકોની ભાગીદારી એ એક મોટું માપદંડ હોવું જોઈએ. શ્રી શાહે કહ્યું કે આ છત્ર સંગઠન સમયની જરૂરિયાત છે અને સ્વ-નિયમન માટે એક પ્રકારની નવી શરૂઆત છે.



### વિધાનસભામાં સહકારી મંડળીઓના કાયદામાં સુધારા પસાર

# મંડળીઓને ડૂબત લેણા ફંડ વાપરવા માટે સરકારની મંજૂરીની જરૂર પડશે નહીં

ગાંધીનગર : વિધાનસભામાં બજેટ સત્રના છેલ્લા દિવસે રજૂ થયેલા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ 1961માં સુધારાઓ સર્વાનુમતે પસાર થયા છે. જેમાં ધિરાણ મંડળીઓએ આપેલી લોન પાછી ન આવે તેવા કિસ્સામાં ડૂબત લેણા ફંડને વાપરવા છેક સરકાર કક્ષાએ મંજૂરીની હાલની જોગવાઈને સુધારીને સરકાર નક્કી કરે તે સત્તાધિકારી (રજિસ્ટ્રાર)ને સત્તા સુપરત કરાઈ છે.

સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યુ કે, કલમ 67(ક) હેઠળ વસૂલ ન થઈ શકે તેવી લોન સામે ફંડની જોગવાઈ છે. પરંતુ, આ ફંડમાંથી માંડવાળ કરવા પાત્ર રકમ માટે સરકારની મંજૂરી અનિવાર્ય છે. નવા સુધારાથી વસૂલ ન આવી શકે એવાં લેણાં માંડવાળ કરવામાં ઝડપ આવશે. કારણ કે તેની મંજૂરી આપવાની સત્તા અધિકારીને મળશે.

કલમ 6 અને 8 મુજબ મંડળીની નોંધણી માટે 10 વ્યક્તિની સહી અનિવાર્ય છે તેમાં પણ ફેરફાર કરી 8 વ્યક્તિનો સુધારો કરાયો છે. જેથી



ઓછા વ્યક્તિએ હાઉસિંગ સોસાયટીનું રજિસ્ટ્રેશન થઈ શકશે. હાઉસિંગ સોસાયટીમાં મકાન વેચાણને તબક્કે બેફામ રીતે વસૂલાતી ટ્રાન્સફર ફી ઉપર પણ આ નિયંત્રણ લાવવા કલમ 158(ક)નો નવો ઉમેરો કરાયો છે. આ જોગવાઈથી સરકાર કે ઓથોરિટી નક્કી કરે તે રીતે ફી વસૂલી શકાશે. તેમણે કહ્યુ કે, આવી 15 હજારથી વધુ મંડળીઓ છે. ફડચા અંગે કલમ 110ની જોગવાઈને સમજાવતા તેમણે કહ્યું કે, ફડચામાં જતી મંડળીઓને બાકી લેણું, વેરા, પગાર કે સરકારી બોજા એ પૈકી કોને અગ્રતા આપવી તે અંગે કોઈ જ અગ્રતાક્રમની જોગવાઈ નથી ! આથી, ફડચા અધિકારી દેવા ચૂકવવા માટે અગ્રતાક્રમ નક્કી કરે તેના માટે આ જોગવાઈને સુધારાઈ છે. કોર્ટ કેસો થયેલા છે તેવી સંસ્થાઓની ફડચાની કામગીરી ઝડપથી પૂર્ણ થાય માટે હાલ 10 વર્ષ સુધી મુદ્દત મળે છે. જો કે, તે પછી સમય માટે સરકાર પાસે મુદ્દત વધારવા અધિકારો નથી. આથી 10 વર્ષ પછી મૂલ્યાંકનને આધારે વધુ સમય માટે મુદ્દત વધારો આપવાનો સુધારો કરાયો છે.

# કૃષિ ધિરાણ રૂા. 20 લાખ કરોડને પાર થયું, 2013-14માં રૂા. 57.3 લાખ કરોડ હતું

નવી દિલ્હી : મોદી સરકારે કૃષિ ક્ષેત્રને સંસ્થાગત ધિરાણમાં છેલ્લાં 10 વર્ષમાં મોટાપાયે વધારો કર્યો છે. બેન્કોએ ચાલુ વર્ષે એપ્રિલ-જાન્યુઆરીના ગાળામાં કૃષિ ક્ષેત્રે રૂા. 20.39 લાખ કરોડનું ધિરાણ કર્યું છે, જે 2013-14માં રૂા. 7.3 લાખ કરોડ હતું. ગત વર્ષે રજૂ કરાયેલા વર્ષ 2023- 24ના બજેટમાં સરકારે કૃષિ ધિરાણનો 20 લાખ કરોડનો લક્ષ્યાંક મૂક્યો હતો, જેની સામે અત્યાર સુધીમાં જ રૂા. 20 લાખ કરોડનું ધિરાણ થઈ ગયું છે તે જોતા માર્ચના અંત સુધીમાં રૂા. 22 લાખ કરોડનું ધિરાણ થઈ જશે.

ખેડૂતોને વાર્ષિક 7 ટકા વ્યાજદરથી કૃષિ ધિરાણ મળી રહે તે હેતુથી કેન્દ્રીય કૃષિ મંત્રાલય રૂા. 3 લાખ સુધીની ટૂંકાગાળાની પાક લોન માટે વ્યાજમાં રાહતની યોજના પણ અમલમાં મૂકેલી છે. બેન્કો કૃષિ ધિરાણ કરે તેના પર તેમને વાર્ષિક 2 ટકા વ્યાજરાહતની આ યોજના છે. આ ઉપરાંત વધારાના 3 ટકાનું ઈન્સેન્ટિવ ખેડૂતોને ત્વરિત પરત ચૂકવણી પર મળે છે. આ રીતે તેમને ખરેખર 4 ટકા વ્યાજે જ લોન પડે છે.

મંત્રાલયના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે કુલ 1268 લાખથી વધુ ખાતા મારફતે ચાલુ વર્ષે રૂા. 20.39 લાખ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે. આ આંકડા 31 જાન્યુઆરી સુધીના છે. વર્ષ 2022-23માં રૂા. 21.55 લાખ કરોડનું ધિરાણ થયું હતું અને ટાર્ગેટ રૂા. 18.50 લાખ કરોડ હતો.

કિસાન ક્રેડિટ કાર્ડ મારફતે વાર્ષિક 4 ટકાના વ્યાજ દરે પશુપાલકો અને માછીમારી કરતા ખેડૂતોને પણ તેમની ટૂંકાગાળાની વર્કિંગ કેપિટલની જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે. 31 માર્ચ, 2023ના અંતે દેશમાં કુલ 73,470,282 કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) ખાતેદારો હતા અને તેમની લોનની રકમ રૂા. 8,85,463 કરોડ હતી.

કેસીસી ઉપરાંત સરકારે 2019માં પીએમ-કિસાન યોજના પણ લોન્ચ કરી હતી. જે અંતર્ગત એલિજિબલ ખેડૂતોને વર્ષે ત્રણ હપતા તેમના ખાતામાં રૂા. 6000ની રોકડ રકમ સીધી જ

અનુસંધાન પાના નંબર : 2

# સરકારે શેરડી માટેની એફઆરપી રૂપિયા 25 વધારીને રૂ.340 કરી

નવી દિલ્હી : સરકારે ઓક્ટોબરથી શરૂ થતી 2024-25ની સિઝન માટે શેરડીની એફઆરપી પ્રત્યેક ક્વિન્ટલ દીઠ રૂપિયા 25 વધારીને રૂપિયા 340 કરવાની જાહેરાત કરી છે. ફેર એન્ડ રેમ્યુનરેટિવ પ્રાઈસ (એફઆરપી) એ મિલોએ શેરડીના ખેડૂતોને ચૂકવવાની રહેતી લઘુતમ કિંમત છે. શેરડીની એફઆરપી વધારવાનો નિર્ણય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (સીસીઈએ)ની બેઠકમાં લેવાયો હતો. પ્રત્યેક ક્વિન્ટલ દીઠ રૂપિયા 25નો વધારો એ મોદી સરકાર દ્વારા કરવામાં આવેલો સર્વોચ્ચ વધારો છે.

શેરડીનું વાવેતર દેશમાં મુખ્યત્વે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં કરવામાં આવે છે. શેરડીના ખેડૂતો (ગન્ના કિસાન)નાં હિતોને ધ્યાનમાં રાખીને કેબિનેટ કમિટ ઓન ઈકોનોમિક અફેર્સે 2024- 25ની (ઓક્ટોબરથી સપ્ટેમ્બર) શેરડીની સિઝનમાં 10.25 ટકાના બેઝિક રિકવરી રેટ માટે શેરડીની રૂપિયા 340 પ્રતિ ક્વિન્ટલની ફેર એન્ડ રેમ્યુનરેટિવ પ્રાઈસ (એફઆરપી)ને મંજૂર કરી છે, એમ આઈ એન્ડ બી પ્રધાનશ્રી અનુરાગ ઠાકુરે પત્રકારોને જણાવ્યું હતું.

### હૈદરાબાદના હિટેક્સ એક્ઝિબિશન સેન્ટર ખાતે 50મી ડેરી ઉદ્યોગ પરિષદ યોજાઈ ગઈ

# ડેરી ઉદ્યોગે ગ્રાહકોની સાથે ખેડૂતો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે: ડૉ. આર.એસ. સોઢી

હૈદરાબાદ : હૈદરાબાદના હિટેક્સ એક્ઝિબિશન સેન્ટર ખાતે આયોજિત 50મી ડેરી ઉદ્યોગ પરિષદમાં 30 દેશોમાંથી ડેરી ઉદ્યોગના લગભગ 2500 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. તેમના ઉદ્ઘાટન સંબોધનમાં, તેલંગાણાના નાયબ મુખ્ય પ્રધાન મલ્લુ ભાટી વિક્રમાર્કાએ કૃષિ આધારિત ગ્રામીણ અર્થતંત્રમાં ડેરી અને પશુપાલનના મહત્વ અને તેમાં મહિલાઓની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના નેતૃત્વમાં તેલંગાણા સરકાર ડેરી અર્થતંત્રના વિકાસ અને ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધાર માટે ઘણી યોજનાઓ ચલાવી રહી છે. તેમના સંબોધનમાં, તેમણે શ્વેત ક્રાંતિમાં તેમના યોગદાન માટે ભૂતપૂર્વ વડા પ્રધાનો લાલ બહાદુર શાસ્ત્રી અને ઈન્દિરા ગાંધી તેમજ ભારતના મિલ્કમેન ડૉ. વી. કુરિયનને પણ યાદ કર્યા.

તેલંગાણાના કૃષિ પ્રધાન થુમ્માલા નાગેશ્વર રાવે ડેરી એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યા બાદ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. કૃષિ મંત્રીએ કૃષિ અર્થતંત્ર અને ખેડૂતોની આવક વધારવામાં ડેરી અર્થતંત્રના મહત્વ પર ભાર મૂક્યો હતો. ડેરી એક્સ્પો 11000 ચોરસ મીટરમાં ફેલાયેલ સૌથી મોટા એક્સ્પો પૈકીનું એક છે જેમાં 30 થી વધુ દેશો પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યા છે.


ઈન્ડિયન ડેરી એસોસિએશનના પ્રમુખ ડૉ. આર.એસ. સોઢીએ તેમના પ્રમુખપદના ભાષણ દરમિયાન માત્ર ગ્રામીણ અર્થતંત્રમાં જ નહીં પરંતુ પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં ડેરીના યોગદાન વિશે પણ વિગતવાર વર્ણન કરી તેમણે જણાવ્યું હતું કે ભારત છેલ્લા બે દાયકાથી વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે, જ્યારે વિશ્વના દૂધ ઉત્પાદનના 2 ટકાના વિકાસ દરની સરખામણીએ ભારતમાં દૂધનું ઉત્પાદન 4.5 ટકાના દરે વધી રહ્યું છે. ભારતમાં 50 વર્ષ પહેલા દૂધનું ઉત્પાદન 24 મિલિયન ટન હતું જે આજે 231 મિલિયન ટન છે. માત્ર પશુપાલન ખેડૂતોના કારણે જ ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બન્યો છે. આ સફળતાને જાળવી રાખવા માટે ખેડૂતોને કેવી રીતે ફાયદો થઈ શકે તે વિશે વિચારવું ખૂબ જ જરૂરી છે. ડેરી ઉદ્યોગે ગ્રાહકોની સાથે ખેડૂતોની પણ કાળજી લેવી પડશે. તેમણે કહ્યું કે દૂધની પ્રક્રિયા કરવાની ક્ષમતામાં એક લાખ લિટરનો વધારો કરવાથી લગભગ છ હજાર લોકોને




અનુસંધાન પાના નંબર : 3

# ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ, કન્ઝયુમર્સ ફેડરેશન લિ. અમદાવાદના ચેરમેન તરીકે શ્રી નરહરિભાઈ અમીન ચૂંટાયા

અમદાવાદ : ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ કન્ઝયુમર્સ ફેડરેશન લિ. અમદાવાદની ચૂંટણીમાં ચેરમેન તરીકે શ્રી નરહરિભાઈ અમીન(સંસદ સભ્ય, રાજ્યસભા - ગુજરાત) તેમજ વાઈસ ચેરમેન તરીકે પોપટલાલ પટેલ (મહેસાણા) પાંચ વર્ષ માટે બિનહરીફ ચૂંટાયા છે. ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ કન્ઝયુમર્સ ફેડરેશન લિ.અમદાવાદની ચૂંટણીમાં પાંચ વર્ષ માટે 'અ' વર્ગ અને 'બ' વર્ગનાં તમામ ડિરેક્ટરો પણ બિનહરીફ ચૂંટાયા છે. 'અ' વર્ગના ડિરેક્ટરોમાં નરહરિભાઈ અમીન અમદાવાદ, પોપટલાલ પટેલ-મહેસાણા, પરેશભાઈ દાણી-વાસણા, અમદાવાદ, સામતભાઈ



ઓડેદરા - પોરબંદર, અંકિતભાઈ શાહ- ગોધરા, પંચમહાલ, વિરેન્દ્રભાઈ આચાર્ય-સુરેન્દ્રનગર, ગીરીશભાઈ પટેલ - આણંદ, ડૉ. સમીરભાઈ શાહ - ભાવનગર, જેઠાભાઈ પટેલ - સાબરકાંઠા, યોગેશભાઈ ઉપાધ્યાય -આણંદ અને બ વર્ગનાં ડિરેક્ટર પદે મહેશભાઈ પટેલ -મહુધા, કુ. પન્નાબેન ચૌહાણ-કલોલ ચૂંટાયા છે.

આ અવસરે બિનહરિફ ચૂંટાયેલ ચેરમેન, વાઈસ ચેરમેન અને ડિરેક્ટરોને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-03-2024